






૨-બનાસકાંઠા લોકસભાની પેટા ચુંટણી અંતર્ગત આજરોજ વહેલી સવારથી મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. બનાસકાંઠા જીલ્લાનાં નોંધાયેલા ૧૪ લાખ મતદારો પૈકી આજે વહેલી સવારથી જ બુથ કેન્દ્રો ઉપર ધીમા પ્રવાહ સાથે નિરસ મતદાન થતું જોવા મળ્યું હતું. વહેલી સવારથી હાથ ધરવામાં આવેલ મતદાન પ્રક્રિયા દરમ્યાન એકલ દોકલ પરિવારોએ મતદાન કર્યું હતું. જોકે બપોરનાં સમયે બુથ મથકો ઉપર સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો. આમ એકંદરે ધારવા કરતા મતદાન ઓછું થવા પામ્યું હતું. જેમાં યુવાનો, મહિલાઓ સહિતનાં મતદારોએ ઉત્સાહ દાખવ્યો હતો.તેઓએ પોતાનાં મતાધિકારનો યોગ્ય ઉપયોગ કર્યો હતો. આમ બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ૨૦ટકા જેટલું મતદાન થવા પામ્યું હતું. જોકે સાંજ સુધીમાં મતદાન વધવાની આશાઓ વ્યક્ત થઈ હતી.

વહેલી સવારથી હાથ ધરવામાં આવેલ મતદાન પ્રક્રિયા અંતર્ગત પાલનપુર શહેરનાં પ્રથમ નાગરીક ગણાતા પાલનપુર નગરપાલિકા પ્રમુખ હસમુખભાઈ પઢિયાર તેમજ પાલનપુરનાં ધારાસભ્ય મહેશભાઈ પટેલ સહિત શિક્ષીત મતદારોએ પણ મતાદાન કરવા પોતાનો ઉત્સાહ દાખવ્યો હતો.

# સાબરકાંઠા જિલ્લા સેસન્સ કોર્ટના સેક્રેટરીનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠાના હિંમતનગર ખાતે ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજ સાહેબના પ્રાઈવેટ સેક્રેટરી શ્રી એમ.એ. ખાલકનો વયનિવૃત્તિ સમારંભ યોજાયો હતો. આ સમારંભમાં એમ.એ. ખાલકને મોમેન્ટો તથા શાલ ઓઢાડી સમગ્ર કર્મચારી મંડળ તથા પ્રિન્સિપાલ ડીસ્ટ્રીક્ટ જજ સાહેબે વધાવી લીધેલા હતા. સાબરકાંઠા જિલ્લા વર્ગ-૩ કર્મચારી મંડળ આયોજીત ડીસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજ સાહેબના પી.એસ. એમ.એ. ખાલકના વયનિવૃત્તિ સમારંભ રાખવામાં આવેલ હતો. તેમાં કર્મચારી મંડળના હોદ્દેદાર બી.ટી. ચૌહાણ, ડેપ્યુટી રજીસ્ટ્રાર તથા કે.એસ. ચૌહાણ તથા મંડળના પ્રમુખ આઈ.એસ. મનસુરી અને સેક્રેટરી એમ.એ. આખુનજીએ આયોજન કરેલ.

ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડીસ્ટ્રીક્ટ જજ પી.સી. જોષી સાહેબ તથા એડીશનલ સેસન્સ જજ નાયક સાહેબના આશીર્વાદ અને આશીર્વચનથી ઉમળકાભેર અને હર્ષોલ્લાસથી વિદાય કરેલ. અને કર્મચારી મંડળના હોદ્દેદારો દ્વારા તેમને મોમેન્ટો અને શાલ ઓઢાડી સમ્માનિત કરવામાં આવ્યા હતા.

## ઊંઝામાં પોસ્ટ વિભાગનું વ્યવસ્થા તંત્ર ખાડે

# યોગ્ય સેવાઓ ન મળતાં રહીશો નારાજ

ઊંઝા, તા.૨

ઊંઝા તાલુકામાં છેલ્લા ઘણા વખતથી પોસ્ટ ખાતાની ટપાલ વ્યવસ્થાનું તંત્ર ખાડે જતા લોકો પરશાની ભોગવી રહ્યા છે. ભૂતકાળમાં આઝાદી બાદ સમગ્ર દેશમાં પોસ્ટ ખાતા મારફતે ટપાલની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. જે વર્ષો સુધી જળવાયેલી રહી હતી. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ટપાલ વ્યવસ્થામાં રઢિયાળપણું વધી જતા હાલમાં આ વ્યવસ્થા ભાંગી પડી હોય તેવી સ્થિતિ પેદા થઈ છે.

ટપાલની આવન-જાવન સાથે સંકળાયેલ આર.એમ.એસ.નું તંત્ર મહદ્ અંસે બંધ થયેલ છે અને પોસ્ટ ઓફિસો મારફતે ટપાલની શોર્ટીંગની વ્યવસ્થા કરી રેલવે તથા એસ.ટી. બસો મારફતે ટપાલ મોકલવામાં આવી રહી છે. આમ ઊંઝા અને વિસનગર તાલુકાના હાઈવેને જોડતા મોટા ગામો જેવા કે ભાન્ડુ, ઉનાવા, બ્રાહ્મણીવાડા, તેમજ અન્ય ગામોની ટપાલ એસ.ટી.ની ચોકકસ લોકલ બસો મારફતે જાય છે. જેમાં મોટા ભાગે બસોની અનિયમિતતાને કારણે ટપાલો ખૂબ મોડેથી મળે છે તેમજ કેટલીક ટપાલો ગુમ થઈ જાય છે.

જે બસોમાં ટપાલ જાય છે તે બસો મોટા ભાગે અનિયમિત દોડે છે અથવા તો ઘણીવાર આ બસોની ટ્રીપો રદ થાય છે. પરિણામે ટપાલના થેલાઓ જે તે સ્થળે પડયા રહે છે અને જયારે સવગડ થાય ત્યારે ટપાલની રવાનગી થતી હોયછે. આવી સ્થિતિમાં ટપાલની અનિયમિત આવનજાવનને લીધે જે તે ગામોમાં ખૂબ જ મોડેથી લોકોને ટપાલો મળે છે. ટુંકા અંતરમાં પણ ચાર પાંચ દિવસે ટપાલ મળતી હોય છે અને કેટલીયવાર ટપાલો ગુમ થવાના તેમજ ગેરવલ્લે થવાના કિસ્સાઓ બને છે. સાદા મનીઓર્ડરોનું રજીસ્ટર પત્ર તેમજ સાદી ટપાલોને એકબીજા સ્થળે વહેંચવામાં દિવસો વીતી જાય છે.

આ બાબતે નાગરિકો ફરિયાદ કરે છે પરંતુ તેઓને સંતોષકારક જવાબ મળતા નથી. પોસ્ટખાતાના જવાબદાર અધિકારીઓ નાગરિકોને ઉડાઉડ જવાબ આપીને પોતાની જવાબદારીઓમાંથી છટકી જાય છે. આવી સ્થિતિમાં છેવટે લોકોને જ સહન કરવું પડે છે. ઉપરોક્ત બાબતે રાજયના પોસ્ટ માસ્ટર જનરલ તેમજ જિલ્લાના પોસ્ટલ સુપ્રિ. સત્વરે ટપાલ અંગેની નાગરિકોની ફરિયાદોનો ઉકેલ લાવે તે જરુરી છે.

# કાંકણોલ ગામની સીમમાં બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા એકનું મોત

હિંમતનગર, તા. ૨

હિંમતનગર તાલુકાના કાંકણોલ ગામની સીમમાં આજે બે લોડીંગ ટ્રક વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક શખ્સનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય એક ઈસમને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માતને પગલે હાઈવે પર કલાકો સુધી ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા. આ ઘટના અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર હિંમતનગરના કાંકણોલ ગામની સીમમાં હાઈ-વે પર આજે વહેલી સવારે પસાર થતી ટ્રક નં. ટી.એન.૦૪-એ.એચ.૮૮૦૯ના ચાલકે ગફલતભરી રીતે પોતાની ટ્રક હંકારી માર્ગની બાજુમાં ઉભેલી ટ્રક નં. એમ.પી.૧૫જી-૨૨૯૦ ને પાછળથી જોરદાર ટક્કરથી ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં માર્ગની બાજુમાં ઉભેલ ટ્રકના કંડકટર લક્ષ્મણભાઈ રામચરણ રાવ (ઉં.વ.૫૮)ને શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી અને ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય ટ્રકના કંડકટરના બન્ને પગે ઈજાઓ થતા તેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અકસ્માત સર્જી ટ્રકચાલક ટ્રક મુકી ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. આ અકસ્માત અંગે હિંમતનગર ટાઉનપોલીસમથકે ગુનો નોંધી ફરાર ટ્રકચાલકને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

# તાજપુર પાટીયા પાસે થયેલ અકસ્માતમાં હિંમતનગરના તબીબનો આબાદ બચાવ

પ્રાંતિજ, તા. ૨

પ્રાંતિજ તાલુકાના તાજપુર પાટીયા પાસે આજે હિંમતનગરના જાણીતા ઈ.એન.ટી. નિષ્ણાંત તબીબની કારનો ટ્રેક્ટર સાથે અકસ્માત સર્જાયો હતો. જેમાં તબીબના આબાદ બચાવ થવા પામ્યો હતો. આ સંદર્ભે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર હિંમતનગરના જાણીતા નાક, કાન અને ગળાના તબીબ સુકેતુ આદેસરા પોતાની ગાડી નં. જીજે-૯-બીએ-૫૨૫૬ લઈને આજે અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. દરમિયાન રોંગ સાઈડમાં આવતા એક ટ્રેક્ટર ચાલકે સામેથી ટક્કર મારતા તબીબને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી.

બાદમાં તેમણે સારવાર અર્થે નજીકના પ્રાથમિક આરોગ્યે કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ટ્રેક્ટરચાલક અકસ્માત સર્જી ટ્રેક્ટર મુકી નાસી છૂટ્યો હતો. આ અંગે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભિલોડાના ગુણીયાકુવા પાસે કાર પલટી જતાં ૩નાં મોત : ૪ ને ઈજા

ભિલોડા, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ગુણીયાકુવા પાસે રવિવારે બપોરના સમયે ભિલોડાથી શામળાજી દર્શને જઈ રહેલ કાર અચાનક પલટી જતા અંદર બેઠેલ પૈકી ત્રણના મોત નિપજ્યા હતા. જ્યારે ચારને ઈજા થઈ હતી. અકસ્માતની જાણ શામળાજી પોલીસમથકે થતા તાત્કાલિક ઘટનાસ્થળે પોલીસે પહોંચીને ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર ભિલોડા તાલુકાના નાદોલ ગામના ચંદુભાઈ લવજીભાઈ વણકર પોતાની નવીન કાર લઈ રવિવારે પરિવાર સાથે શામળાજી દર્શને જઈ રહ્યા હતા. દરમિયાન ભિલોડાથી શામળાજી માર્ગ પર આવેલ ગુણીયાકુવા પાસે કાર ચાલક વિનુભાઈ પરાગભાઈ વણકરે અચાનક કાર પર કાબુ ગુમાવતા કાર પલટી ખાઈ ગઈ હતી. પરિણામે અંદર બેઠેલ એક જ પરિવારના પતિ-પત્નીનું શરીરે ગંભીર ઈજાઓને કારણે ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે બાકીના પાંચ ઘાયલને ૧૦૮ દ્વારા શામળાજી રેફરેલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં પ્રાથમિક સારવાર આપીને વધુ સારવાર માટે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. દરમિયાન અન્ય એકનું મોત નીપજ્યું હતું. આ બનાવની જાણ શામળાજી પોલીસ મથકે થતા પોલીસે ઘટના સ્થળે જઈ ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

**અકસ્માતમાં મરણ પામનાર...**
- ચંદુભાઈ લવજીભાઈ વણકર ઉં.વ. ૪૫ રહે. નાંદોલ ભિલોડા
- મધુબેન ચંદુભાઈ વણકર ઉં.વ. ૪૩ રહે. નાંદોલ ભિલોડા
- વાલાભાઈ દુધાભાઈ વણકર ઉં.વ. ૫૫ રહે. નાંદોલ ભિલોડા

**અકસ્માતમાં ઈજા પામનાર...**
- લવજીભાઈ હીરાભાઈ વણકર ઉં.વ. ૬૦ રહે. નાંદોલ ભિલોડા
- જાનવી વિનુભાઈ વણકર ઉં.વ. ૧૦ રહે. નાંદોલ ભિલોડા
- સૂરજભાઈ ચંદુભાઈ વણકર ઉં.વ. ૧૫ રહે. નાંદોલ ભિલોડા
- મોસમભાઈ ચંદુભાઈ વણકર ઉં.વ. ૩૦ રહે. નાંદોલ ભિલોડા



લોકશાહીમાં મતદાન કરવું એ આપણો અધિકાર છે અને તેના થકી યોગ્ય ઉમેદવારની પસંદગી થતી હોય છે. ત્યારે આજરોજ પાલનપુર શહેરનાં માલણ દરવાજા નજીક રહેતા રમેશભાઈ શ્રીમાળીની દિકરીના લગ્ન સમારોહનો પ્રસંગ હતો. આમ સમગ્ર પરિવાર લગ્ન સમારોહમાં વ્યસ્ત હતો ત્યારે પરિવારનાં અન્ય સભ્યો સહિત લગ્નગ્રંથીએ જોડાનાર ચંદ્રિકાબેન શ્રીમાળીએ ઘર સંસારની શરૂઆત કરતા પહેલા આજે પોતાનાં મતાધિકારનો ઉપયોગ કરવા સાથે સમાજને નવો રાહ ચિન્ધ્યો હતો. આમ સોળે સણગાર સજી પરણીતા મતદાન મથકે મતદાન કરવા આવતા લોકો પણ અચરજમાં મુકાઈ ગયા હતા.

# બનાસકાંઠા જિલ્લામાં મતદારોની ઉદાસીનતા ઉભરી આવી નીરસ મતદાન

## ઉમેદવારો દ્વિધામાં મુકાયા : મતદારો મતદાનથી અળગા રહ્યા

પાલનપુર, તા.૨

બનાસકાંઠાની લોકસભા પેટા ચુંટણીનું આજ સવારથી મતદાન યોજાયું હતું. પણ મતદારો નિરસ બન્યા હતા. લગ્નસરાની સીઝન અને કાળઝાળ ગરમીમાં મતદારોએ બહાર નીકળવાનું ટાળ્યું હતું. મતદાન કરવા ન જતા ખુબ જ ઓછું મતદાન થતા ઉમેદવારો, આગેવાનો, કાર્યકરો, સૌ મુંઝવણમાં મુકાયા હતા. ટેકેદારો, સમર્થકોએ, શેરી, મહોલ્લા, ગલીઓ, ગ્રામીણ વિસ્તારમાં જઈને મતદારોને મતદાન કરવા રીઝવ્યા હતા છતાં પણ મતદારોને મતદાન મથક પર લાવવામાં નિષ્ફળ નિવડયા હતા.

આજે મતદાન હોવા છતાં બનાસકાંઠાના દરેક પોલીંગ બુથ પર કાગડા ઉડતા હતા. પ્રિસાઈડીંગ ઓફિસરો તથા પેરામીલીટરી ફોર્સના જવાનો, પોલીસ આરામથી બેઠેલી જોવા મળી હતી. મતદાનના દિવસે ચુંટણી જેવો માહોલ દેખાતો જ ન હતો. કેટલાક બુથો પર છુટા છવાયા મતદારો મતદાન કરવા આવતા દેખાયા હતા. જયારે સવારમાં કેટલાક બુથો પર મતદારોની થોડીક ભીડ જોવા મળી હતી. બપોરના ૧૨.૦૦ કલાક સુધી સમગ્ર બનાસકાંઠા જિલ્લાનું ૧૯.૬૨ ટકા જ મતદાન થયું હતું. ત્યારબાદ ઉમેદવારો તરફથી શહેરના વોર્ડ તેમજ ગ્રામીણ વિસ્તારોમાં આગેવાનો, કાર્યકરો દ્વારા 'એડી-ચોટીનું જોર' લગાવીને મતદારોને મતદાન મથક સુધી લાવવાના સતત પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. સાંજના ૪ કલાક સુધીમાં જિલ્લાના મતદાન આંકડા, જિલ્લા નાયબ માહિતી નિયામક કાંતાબેન પટેલે આપેલ માહિતી મુજબ બનાસકાંઠાના વાવ ૨૬.૯૨, થરાદ-૩૦.૯૦, ધાનેરા-૩૪.૦૭, દાંતા-૪૬.૫, પાલનપુર-૩૦.૪૫, ડીસા-૨૨.૬૩, દિઓદરમાં ૩૧.૮૮ ટકા જેટલું મતદાન થવા પામ્યું હતું. જિલ્લામાં શાંતિપૂર્ણ મતદાન યોજાયુ હતું. કોંગ્રેસના ઉમેદવાર ક્રિષ્ણાબેન ગઢવીએ સાંચરડા ખાતે સવારે ૯ કલાકે મતદાન કર્યું હતું. સાંજે ૪ વાગ્યા સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં સરેરાશ ૩૧.૩૬ ટકા મતદાન થયું હતું. મોળા મતદાનથી ઉમેદવારો પણ ચિંતામાં પડી ગયા હતા.

મતદાન પૂર્ણ થયા બાદ વિવિધ ઉમેદવારો અને પક્ષોએ આ ચૂંટણીમાં પોતાની જિતના દાવા તો કર્યા હતા, પરંતુ એ દાવાઓમાં કેટલું સત્ય છે એ બાબતે એમના મનમાં પણ અવઢવ સ્પષ્ટ જણાઈ આવતી હતી.


# રાયપુર કેનાલમાંથી બે અજાણ્યા યુવકના મૃતદેહ મળ્યા

## એક યુવક માસિક બિમાર અને એક યુવક પરિવારથી કંટાળી આ પગલુ ભર્યુ હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક આવેલ રાયપુર કેનાલમાં ગઈકાલે બપોરે મૃત હાલતમાં પાણીમાં તરતા બે મૃતદેહ કેનાલ સિક્યુરિટી ગાર્ડને નજરે પડતા તેણે આ મામલે ડભોડા પોલીસમથકમાં જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે આવી હતી અને બન્ને અજાણ્યા મૃતદેહને બહાર કઢાવી તેને પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો. અને બન્ને મૃતદેહ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગઈકાલે વહેલી સવારે કેનાલના ચોકીદાર રમણભાઈ ખોડાભાઈ વાઘેલા (રહે. રાયપુર) કેનાલની ચોકીદારી કરી રહ્યા હતા. દરમિયાન બે અજાણ્યા પુરૂષ ઉં.વ. આશરે ૨૦ થી ૨૫ વર્ષના મૃતદેહ પાણીમાં તરતા નજરે પડ્યા હતા આથી તેણે તાત્કાલિક ડભોડા પોલીસ મથકમાં જાણ કરતા હેડ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ ઘટના સ્થળે આવ્યા હતા અને બન્ને મૃતદેહને પાણીમાંથી બહાર કઢાવ્યા હતા. પોલીસે બન્ને મૃતદેહની તપાસ કરતા એક શંભુજી કેશાજી ડાભી (ઉં.વ. ૨૫ રહે. વેલાલ, તા. દસક્રોઈ) માનસિક રીતે બિમાર અને મુકેશ ગાભાજી ઠાકોર (ઉં.વ. ૩૦ રહે. શાહપુર અમદાવાદ) ઘરથી કંટાળી કેનાલમાં આપઘાત કર્યો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં માલુમ પડ્યું હતું. આથી પોલીસે બન્ને યુવકના પરિવારજનોની શોધખોળ કરી તેમણે જાણ કરતા પરિવારજનો દોડી આવ્યા હતા. બાદમાં પોલીસ બન્ને મૃતદેહને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પી.એમ. અર્થે મોકલી આપ્યા હતા. આ સમગ્ર મામલે ડભોડા પોલીસમથકના જમાદાર રાજેન્દ્રસિંહ જવાનસિંહ તપાસ ચલાવી રહ્યા છે.



સામાન્ય રીતે લગ્નમાં વરઘોડાની વાત નીકળે એટલે સ્વાભાવિક પણે લોકોના મનમાં 'ઘોડા' પર બેઠેલ 'વર', 'વરરાજા'નું જ ચિત્ર ઉપસી આવે છે. પરંતુ સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના શીતવાડા-નવાપુરા ગામે પરણવા જતા વરરાજા 'હાથી' ગજરાજ પર બેસી જાન લઈ નિકળ્યા હતા. અને તેને જોવા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD
ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮